આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૮૭ — ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૩, મંગળવાર; ભાદરવા સુદ - ૧૩ — પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

અમૃતની વર્ષા તો સતત થયા કરે છે, આપણે જ આપણું પાત્ર ઊંધું રાખીને બેઠા હોઈએ તો કોણ શું કરી શકે

## બી.પી. કોલેજ ઓફ બી.બી.એ. દ્વારા ઓઝોન-ડે ની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૬

બી.પી. કોલેજ ઓફ બી.બી.એ., ગાંધીનગર તેમજ વનશ્રી નેચર કલબ, ગાંધીનગરનાં સંયુક્ત ઉપક્રમે તા. ૧૬-૯-૨૦૧૩, સોમવારનાં રોજ 'ઓઝોન ડે સેમિનાર'નું આયોજન કરવામાં આવ્યું હતું. કે.બી. ફાર્મસી હોલમાં સવારે ૧૦.૦૦થી ૧૨.૦૦ વાગ્યા સુધી યોજાયેલ આ સેમિનારમાં ગાંધીનગરનાં ફોરેસ્ટ ઓફિસર શ્રી ભાવિનભાઈ વ્યાસ, યુથ હોસ્ટેલનાં ચેરમેન શ્રી ચૈતન્યભાઈ નિમાવત તેમજ ગાંધીનગરનાં ગ્રીન એમ્બેસેડર શ્રીમતી અંજનાબેન નિમાવત દ્વારા પર્યાવરણમાં ઓઝોનનું મહત્વ, ઓઝોનની ઘટતી માત્રાથી થતું નુકસાન, નિષેધાત્મક પગલાંઓ વિષે વિગતવાર માહિતી આપી હતી. કોલેજની વિદ્યાર્થીનીઓ કુ. પિંકલ તેમજ કુ. પિર્યાએ પ્રાર્થનાગાન કર્યું હતું. કોલેજનાં વિદ્યાર્થીઓ વિકાસ, કિરીટ અને તુષારે વિદ્યાર્થી અને જાગૃત નાગરિક તરીકે પર્યાવરણ સંસાધન બચાવ અને નિભાવ અંગે મંતવ્યો રજૂ કર્યા હતા. કોલેજનાં વડા શ્રી ડૉ. રમાકાન્ત પુષ્ટીએ મહેમાનો તથા વિદ્યાર્થીઓને શાબ્દિક આવકાર આપ્યો હતો તેમજ મહેમાનોનું પુષ્પ ગુચ્છ દ્વારા સ્વાગત કર્યું હતુ. કાર્યક્રમનું સંચાલન તેમજ આભારવિધિ કોલેજનાં પ્રાધ્યાપીકા માર્ગી દેસાઈએ કર્યું હતું. આશરે ૩૦૦ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો.